# Directorate of Pension & Provident Fund

પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રી ની કચેરી

"વિમા અને લેખા ભવન",
બ્લોક નં. - ૧૮ જુના સચીવાલય,
ડો. જીવરાજ મહેતા ભવન સંકુલ,
ગાંધીનગર - ૩૮૨ ૦૧૦.

"Vima & Lekha Bhavan",
Block No. – 18 Old Sachivalay,
Dr. Jivaraj Mehta Bhavan Complex,
Gandhinagar – 382 010

Fax. (079) 232 53906 Ph. (079) 232 53912

E Mail – dir-ppf@gujarat.gov.in


તા.૨૭/૦૫/૨૦૨૬

પ્રતિ,
તમામ વિભાગો / ખાતાના વડાઓની કચેરીઓ /
સંલગ્ન તમામ કચેરીઓ (તમામ).

**વિષય:** NPS માંથી (OPS) માં સમાવવા અંગેની દરખાસ્તો ઈ-સરકાર માં મોકલતી વખતે "અવસાન" તથા "વય નિવૃત્તિ" ના કિસ્સાઓમાં "Urgent" (YELLOW colour priority) હેઠળ મોકલી આપવા બાબત.

**સંદર્ભ:** ૧. નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક: નવપ-૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી, તા. ૦૮/૧૧/૨૦૨૪
૨. નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક: નવપ-૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી, તા. ૧૬/૦૪/૨૦૨૫
૩. અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક:DPPFG/0289/03/2026, તા. ૨૫/૦૩/૨૦૨૬

**પરિપત્ર:**

અત્રેની કચેરીના સંદર્ભ (૩) વાળા પત્રથી તમામ વિભાગો અને ખાતાના વડાઓને તેઓના તાબાના કર્મચારીઓ/અધિકારીઓનેસંદર્ભ (૧) અને (૨) ના ઠરાવ મુજબ નવી વધિત પેન્શન યોજના (NPS) માંથી જૂની પેન્શન યોજના (OPS) માં સમાવ્યા અંગેના હુકમો/સંપૂર્ણ દરખાસ્ત જરૂરી સાધનિક રેકર્ડ સાથે અત્રેની કચેરીના ઈ-સરકાર લોગીન da1-registry-dppf પર મોકલી આપવા અંગે વિગતવાર સૂચનાઓ આપવામાં આવેલ છે.

હાલમાં NPS માંથી OPS માં સમાવવા અંગેની તમામ દરખાસ્તો (વય નિવૃત્તિ/ અવસાન/અન્ય કિસ્સાઓ)અત્રેની કચેરી ખાતે ઈ-સરકાર (e-Sarkar) માં "Normal" (GREEN colour priority) હેઠળ મોકલવવામાં આવે છે. પરંતુ, નિવૃત્ત કર્મચારીઓ અથવા અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત પરિવારજનોને વહેલી તકે પેન્શનના લાભો મળી શકે તે હેતુથી અત્રેની કચેરી દ્વારા હવેથી 'અવસાન (Death Cases)' અને 'વય નિવૃત્તિ (Superannuation)' ના કિસ્સાઓ ધરાવતી દરખાસ્તોને અગ્રતા (Priority) આપી તેનો પ્રથમ નિકાલ કરવાનો નિર્ણય કરવામાં આવેલ છે.

આથી, તમામ વિભાગો, ખાતાના વડાઓ તેમજ તાબાની તમામ કચેરીઓને વિનંતીસહ જણાવવામાં આવે છે કે :

૧. NPS માંથી OPS માં સમાવવા અંગેની દરખાસ્તો પૈકી જે કિસ્સાઓ કર્મચારીના અવસાન અથવા વય નિવૃત્તિને લગતા હોય તેને અગ્રતા આપવાની રહેશે અને ઈ-સરકાર(e-Sarkar)માં અત્રેની કચેરી ખાતે દરખાસ્તો PRIORITY "Urgent" (YELLOW colour priority) હેઠળ મોકલવાની રહેશે, જેથી અત્રેની કચેરી દ્વારા તેને અગ્રતા આપી શકાય.

૨. સંદર્ભિત પત્ર તા.૨૫/૦૩/૨૦૨૬ માં દર્શાવ્યા મુજબના તમામ જરૂરી સાધનિક દસ્તાવેજો અને પ્રમાણપત્રો દરખાસ્ત સાથે સામેલ રાખવાના રહેશે

નાયબ નિયામક (એન.પી.એસ.)
પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રી ની કચેરી,
ગાંધીનગર

નકલ રવાના: નાયબ સચિવશ્રી, પી શાખા, નાણાં વિભાગ તરફ જાણ સારું.

ignature Not Verified

gned by: samiksha manshukhbhai
Isaniya
puty Director
te:2026.05.30
:35:03 +5:30

File No: DPPFG/NPSW/e-file/124/2026/1494/NPS Withdrawal
Approved By: Director,Administrative Branch - 1,DPPFG

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*